ગાંધીનગર સમાચાર



ગાંધીનગરમાં અભૂતપૂર્વ રક્ષાબંધન કારના વેચાણમાં જબરદસ્ત ઉછાળો

# નેટ ચાલુ થતા સર્વત્ર આનંદ ભયો


**એક સાથે ઢગલો મેસેજ ડાઉનલોડ થતા મોબાઈલ ફોન હેંગ થયા : સોશ્યલ મિડીયાના બંધાણીઓના જીવમાં જીવ આવ્યો : એકવાર ફરી બધા ચાર્જર શોધતા થયા**

ગાંધીનગર, તા. ૩૧

સર્વત્ર આનંદ, આનંદ અને આનંદ ફેલાયો કારણ કે આજથી ઈન્ટરનેટ ચાલુ થયા અને ફરીથી વ્હોટસએપ-ફેસબુક પર ચેટિંગના ડાયરા મોડી રાત સુધી જામી પડ્યા. છેલ્લા અઠવાડિયાથી રાજ્ય સરકારે મોબાઈલ નેટવર્ક અને સોશ્યલ મિડીયા પર પ્રતિબંધ લાધ્યો હતો જે આજે સાંજે ઉઠાવી લેવાતા ફરીથી સ્માર્ટફોનના મેસેજ ટોન રણકી ઉઠ્યા હતા અને જાણે ફોનમાં જીવ આવી ગયો હોય તેટલો હાશકારો નેટીઝન્સે અનુભવ્યો હતો.

સોશ્યલ મિડીયા ઠપ્પ થઈ જતા જે યુવાનોને રાત્રે ઊંઘ પણ આવતી નહોતી તે તમામને આજે નેટ ચાલુ થવાથી મોડી રાત સુધી ઊંઘ નહોતી આવી કારણ કે ફરીથી તેઓ ચેટિંગ કરવામાં વ્યસ્ત થયા હતા. નેટ ચાલુ થવાની સાથે જ એક સાથે અઢળક મેસેજીસ ડાઉનલોડ થવા લાગતા મોટાભાગના યુઝર્સનો ફોન હેંગ થઈ જવા પામ્યા હતા.

છેલ્લા અઠવાડિયાથી



એકાએક દિર્ઘાયુ બનેલી ફોનની બેટરી ફરી ફટાફટ ડાઉન થવા લાગતા મોબાઈલ ધારકોએ ચાર્જર શોધવા પડ્યા હતા. સોશ્યલ મીડિયાને કારણે જેનું ઘેલુ લાગ્યુ હતુ તે ''સેલ્ફી'' લેવાનું પણ ઘણા દિવસથી યુવાનો ભુલી ગયા હતા. જોકે ઘરમાં પરિવારના સભ્યો વચ્ચે નેટ બંધ થનવાથી વાતચીત કરતા થયેલા સભ્યો ફરી એકવાર ''બીઝી'' થઈ ગયા હતા. ઓનલાઈન શોપીંગના બંધાણીઓના જીવમાં પણ જીવ આવ્યો હતો. જોકે રક્ષાબંધન જેવા તહેવારમાં નેટ બંધ હોવાથી આ ઓનલાઈન શોપીંગ કંપનીઓને ધંધામાં મોટો આર્થિક ફટકો ભોગવવો પડ્યો હતો અને તેમના પગલે કુરિયર સર્વિસ બીઝનેસને પણ અસર પડી હતી.

આજે નેટ ચાલુ થશે તેવી આગોતરી જાહેરાતના કારણે સવારથી જ નેટીઝન્સ રાહ જોઈ રહ્યા હતા અને વારે ઘડીએ નેટ ચાલુ કરવા પ્રયત્ન કરવા લાગ્યા હતા. સાંજ સુધી નેટ ચાલુ ના થતા આ બંધાણીઓ રીતસરના અકળાઈ ઉઠ્યા હતા અને જેવું નેટ ચાલુ થયું કે જાણે 'વર્લ્ડકપ' જીત્યા હોય તેટલી ખુશીની લહેર ફેલાવા પામી હતી. ઘણાના વ્યવસાય નેટ આધારિત હોવાથી તેમજ જે ટેકનોસેવી નગરજનોની ઓનલાઈન પેમેન્ટ કરવાની આદતો હતી તેવા યુઝર્સે તેમના વિજળી, ગેસ વગેરે બાકી બિલોના પેમેન્ટની પ્રક્રિયા હાથ ધરી હતી. વ્હોટસએપ અને ફેસબુક ચાલુ થતા ખાસ કરીને યુવાવર્ગમાં આનંદ છવાયો હતો અને ફરી એકવાર પ્રિયજનો સાથે ચેટિંગમાં મશગુલ બન્યા હતા. આ જોઈ વડીલોએ ટકોર કરી હતી કે ''લો હમે સે સર ઉઠાકે જીના સીખા થા, નેટ ચાલુ હોતે હી ફિરસે તેરા સર ઝુક ગયા.''

### ત્રણ દિવસનું ડેટા રિચાર્જ વગર વાપરે પુરૂ થઈ ગયું

ઘણા સમયથી યુવાનોમાં ''છોટા રિચાર્જ'' ખૂબ પોપ્યુલર થયા હતા. જેમાં માત્ર ત્રણ, પાંચ કે સાત દિવસ માટે ઈન્ટરનેટ રિચાર્જ કરાવવામાં આવતા હતા. તા. ૨૫મી ઓગષ્ટે આ પ્રકારના છોડા રિચાર્જ કરાવનાર યુઝર્સની હાલત કફોડી થઈ હતી. કારણ કે માંડ રિચાર્જ કરાવ્યુ હતુ તે 'નેટ'ની તો વગર વાપરે જ વેલીડીટી ખતમ થઈ જવા પામી હતી. આ યુઝર્સે તેમના વગર વાપરે પુરા થઈ ગયેલા ડેટા રિચાર્જના નુકસાનનું વળતર કોણ આપશે તેવા સવાલ ઉઠાવ્યા હતા.

### ઈન્કમટેક્ષ રિટર્નની તારીખ લંબાવવા માંગ

ઈન્ટરનેટ પર પ્રતિબંધથી ઓનલાઈન ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કરવાનું છેલ્લી ઘડી સુધી બાકી રહી જતા કરદાતાઓનો ભારે રોષ ફેલાયો હતો. આવકવેરાનું રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧મી ઓગષ્ટ હતી પરંતુ સાંજ સુધી નેટ ચાલુ થયું નહોતુ. અને નેટ ચાલુ થયુ ત્યારે એટલો બધો ધસારો વધી ગયો કે સાઈટ એકદમ ધીમી પડી જવા પામી હતી. જેના કારણે ઘણા કરદાતાઓના રિટર્ન તૈયાર હોવા છતાં અપલોડ નહોતા થઈ શક્યા. આ પરિસ્થિતિમાં કરદાતાઓના મોટા વર્ગમાં ચિંતા ફેલાઈ હતી અને આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવાય તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● આર્ટ ઓફ લીવીંગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રૂદ્રપૂજાનો કાર્યક્રમ સીમાબેન ભરતભાઈ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૯૪,૪/એ, પ્રમુખ એપાર્ટમેન્ટ,સે. ૨૦ખાતે સાંજે ૬ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતીવંદના ચેતનભાઈ જોષીના નિવાસસ્થાન આલેખ ફ્લેટ, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજની યુવા પાંખની બેઠક સે. ૧૬ બ્રહ્મભવન ખાતે સાંજે ૬ કલાકે યોજાશે.

● શિવ-શક્તિ શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ દ્વારા શિવ મહિમ્નપાઠ પ્રકાશભાઈ વ્યાસના નિવાસસ્થાન ૩૩/૫, છ-ટાઈપ સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ કિશોરભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૧૫૭, સે. ૩-ડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળનો લઘુ રૂદ્રાભિષેક અતુલ ત્રિપાઠીના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૦૦/૨, સે. ૩-બી ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કેપીટલ રેલવે સ્ટેશનને સવારે ૯ કલાકે વ્હીલચેર અર્પણ કરશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● સ્વર્ણિમ પાર્કમા વિદ્યાર્થીઓની હાજરી વધુ જોવા મળેછે તેનું વધુ એક કારણ જડયું છે. પાર્કની સૌથી વધુ નજીક આવેલ સે-૧૫ન સરકારી કોલેજમાં કેન્ટિનની સગવડ જ નથી પછી આ યુવાનો બીજે કયાં જાય?

● રોટરી કલબના કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ અને જાણીતા એડવોકેટ એશ્વિન ત્રિવેદીની કાયદા કાનૂન અંગેની કોલમના આર્ટિકલ્સની ૧૧૦૦ નકલ વહેંચવામાં આવી હતી. વીલ એકટ અને સિનિયર સિટીઝન એકટના લેખની નકલો વાંચીને વડિલોએ ખૂબ જ ઉષ્માભર્યો પ્રતિસાદ આપ્યો હતો.

● સે-૨૮ના ઘ-૬ બસ સ્ટેન્ડ પાસે આજે રોડ ઉપર ઉભેલી કારના પાછળ એક આધેડ વયના સ્કૂટર ચાલક ભટકાયા હતા. સદભાગ્યે આધેડને પગે બેઠો માર વાગવાથી વધુ ઈજા થઈ નહોતી.

● સવારથી જ મોબાઈલ ઈન્ટરનેટ ચાલુ થવાની રાહ જોઈ રહેલા નેટરસિયાઓ બપોર સુધીમાં તો અકળાઈ ઉઠયા હતા જો કે સાંજ સુધીમાં તમામ નેટ સેવાઓ અને સોશિયલ મિડીયા ચાલુ થઈ જતા સર્વત્ર ભારતે ટ્રોફી જીતી હોય તેટલી ખુશાલી ફેલાઈ હતી અને મોડી રાત સુધી જાગીને ચેટિંગ કરાયા હતા.

- સમીર રામી
9924446645

# શહેરમાં બિન આરોગ્યપ્રદ ખાણીપીણીની લારીઓ ધમધમે છે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં શહેરમાં અત્યારે હાલના સંજોગોમાં તાવ, ઝાડા ઉલ્ટી, મેલેરીયા, ટાઈફોઈડ સહિતના રોગોએ માથું ઉચક્યું છે. દર્દીઓથી દવાખાના ઉભરાય છે. નગરના દરેક ખુણે બિન આરોગ્ય પ્રદ ચીજ વસ્તુઓના લારી- ગલ્લા સહિત ખાણીપીણી બજારો ધમધમી રહ્યા છે. શહેરીજનો બિન આરોગ્ય પ્રદ ચીજ વસ્તુ આરોગવાથી બિમાર પડી રહ્યા છે. નગરજનોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે તંત્ર કોઈ મોટો રોગચાળો ફાટી નીકળે તેની રાહ જોતુ હોય તેમ લાગી રહ્યું છે. નગરમાં ધમધમી રહેલા ખાણીપીણી બજાર સહિત લારી ગલ્લા પર તંત્ર ત્રાટકી ખાવા લાયક ન હોય તેવો ખોરાક નષ્ટ કરી વેપારીઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

શહેરમાં બિમારીના ખાટલા ઘેર ઘેર છે. નગરને જાણે તાવ,ઝાડા ઉલ્ટી, મેલેરીયા જેવા રોગો એ ભરડો લીધો હોય તેવું લાગી રહ્યું છે. નગરમાં આવા રોગોના દર્દીઓની સંખ્યા ઘટવાની જગ્યાએ વધી રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

આરોગ્ય તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે. પરંતુ શહેરના દરેક ખુણે ખુલ્લામાં પકોડી, દાબેલી, વડાપાવ સહિતની બિન આરોગ્યપ્રદ ખોરાકની રેકડીઓ ધમધમી રહી છે. આવા વેપારીઓ નગરજનોના આરોગ્ય સામે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર દ્વારા બિન આરોગ્યપ્રદ ખોરાક વેચતા વેપારીઓ પર સમયાંતરે કાર્યવાહી કરવામાં આવે છે. વેપારીઓને તંત્રનો ડર ના હોય તેમ રીતસર ખુલ્લેઆમ બિનઆરોગ્યપ્રદ ખોરાકનું વેચાણ કરી લોકોના આરોગ્ય સામે ચેડા કરી રહ્યા છે. ખોરાક ઔષધ નિયમન તંત્રની મોબાઈલ વાન સેવા પણ ઉપલબ્ધ છે. તંત્ર દ્વારા ખાણીપીણી બજારમાં જઈ ખાવાની ચીજવસ્તુની ચકાસણી કરવામાં આવે અને જો અયોગ્ય ચીજવસ્તુ મળી આવે તો તેનો નિકાલ કરી સ્થળ પર તે વેપારી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે. નગરમાં બિમારીઓના વાવડ છે. ત્યારે નગરજનોએ પણ ખાસ તકેદારી રાખી ખુલ્લામાં મળતી ચીજવસ્તુ ખાવાનું ટાળવું જોઈએ.

## વરિષ્ઠ નાગરિકોને એસટી ભાડામાં રાહત આપવા માંગ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં ૫૦ લાખથી વધુ વરિષ્ઠ નાગરિકો હોવા છતાં રાજય એસટી નિગમ દ્વારા સિનિયર સિટીઝનોને કોઈ પણ પ્રકારનીરાહત આપવામાં આવતી નથી. એસટી બસોમાં વરિષ્ઠ નાગરિકોને ભાડામાં ૫૦ ટકા રાહત મળે તેવી છેલ્લા ૧૪ વર્ષથી અમદાવાદની સિનિયર સિટીઝન પરિવાર વતી માંગ કરવામાં આવી છે.

પોતાની માંગણીના સંદર્ભમાં પરિવાર દ્વારા અન્ય રાજયોમાં સિનિયર સિટીઝનોને આપવામાં આવતી રાહતોનો હવાલો આપતા ૬૫ વર્ષથી ઉપરની વયના નાગરિકોને ૫૦ ટકા અને ૭૫ વર્ષથી ઉપરના વયસ્ક નગરિકોને સંપૂર્ણ રાહત આપવા રાજય સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૪ વર્ષથી આ માંગ માટે ઝઝુમી રહેલા પરિવારે આ બાબતે જાહેર જનતાને અવાજ બુલંદ કરવા પણ અનુરોધ કર્યો છે. વરિષ્ઠ નાગરિકોને પુરતી સુવિધા આપવી તેમનું સન્માન જળવાય તે રીતે જીવન જીવી શકે તેવું વાતાવરણ સર્જવું તે દરેક સમાજ અને રાષ્ટ્રની પ્રાથમિક ફરજ છે તેથી રાજયમાં એસટી બસોમાં વરિષ્ઠ નાગરિકોને રાહત અપાય તે અંગે ઉગ્ર માંગ કરવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

**કલોલથી તપાસ માટે રાજસ્થાન લઈ જવાયેલા**

## ઠગાઈના આરોપીએ ગેસ્ટ હાઉસમાં ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ગાંધીનગર, તા. ૩૧

કલોલ શહેર પોલીસે ઠગાઈના એક આરોપીની ધરપકડ કરી હતી અને તે ગુનાની તપાસ માટે આરોપીને રાજસ્થાન લઈ જવામાં આવ્યો હતો. પોલીસે આરોપી સાથે રાત્રી રોકાણ એક ગેસ્ટ હાઉસમાં કર્યુ હતુ. દરમ્યાન આરોપીએ પોતાનો શર્ટ કાઢીને પંખે બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આ કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં રાજસ્થાન પોલીસે તપાસ આરંભી છે.

કલોલમાં સ્થિત પ્રકાશ જ્વેલર્સના સોનીને વિશ્વાસમાં લઈ ત્રણ શખ્સોએ ૧૭ નકલી પેન્ડલ પધરાવી દીધા હતા અને સોની પાસેથી છ લાખ રૂપિયા ત્રણેય શખ્સો લઈ ગયા હતા. સોનીની ફરીયાદને આધારે કલોલ શહેર પોલીસે ત્રણ સામે ગુનો નોંધી તપાસ બાદ ૨૮ ઓગષ્ટે સાંજે રાજસ્થાનના રામપાલ સામંતા, લીલારામ સામંતા અને પપ્પુ ઈસરા ભાટની ધરપકડ કરી હતી. કોર્ટે ત્રણેયના છ દિવસના રિમાન્ડ મંજુર કરતાં પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી હતી. તપાસમાં લીલારામના બનેવી ગબ્બર અને મોંઘીરામની સંડોવણી પણ બહાર આવી હતી. જેને પગલે મુદ્દામાલ રીકવરી માટે એક આરોપી રામપાલને કલોલ પીએસઆઈ અનિલ ચૌહાણ અને તેમનો સ્ટાફ રાજસ્થાન ખાતે તપાસ માટે લઈ ગયા હતા. રાત્રી રોકાણ પોલીસે આરોપીને લઈને એક ગેસ્ટહાઉસમાં કર્યુ અને ત્યાં જ ઠગાઈના આરોપી રામપાલે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આરોપી સાથે ત્રણ પોલીસ હોવા છતાં તેણે આપઘાત કરી લીધો હતો. રાજસ્થાન પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસ શરૂ કરી દીધી.

## કડવા પાટીદાર સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૩૧

ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા આગામી તા. ૬સપ્ટેમ્બર ના રોજ બપોરે ૧.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન ટાઉનહોલ સે-૧૭ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં સમાજની પરિચય પુસ્તિકાની વિમોચન વિધિ કરાશે. તેમજ સમાજના સભ્યોને પાસ ન મળ્યા હોય તેવા સભ્યોએ સે-૧૬માં રહેતા કાળીદાસ પટેલનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## સેક્ટર-૨૬ જીએસપીએલમાં તોડફોડ કરનાર ટોળા સામે ગુનો દાખલ

**૨૬મી ઓગષ્ટે પાટીદાર રેલી દરમ્યાન ઓફીસ અને ગાડીઓ પર પથ્થરમારો કરી બાઈકો લઈને આવેલુ ટોળુ ભાગી ગયુ હતુ : દોઢ લાખનું નુકશાન**

૨૬ ઓગષ્ટે પાટીદાર રેલી દરમ્યાન બંધનું એલાન હતુ. તેમ છતાં ઓફીસ કેમ ચાલુ છે કહીને બાઈકો પર આવેલા ટોળાએ ઓફીસ પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. આ પ્રકરણમાં ઓફીસ સંચાલકે સે. ૨૧ પોલીસમથકમાં ૧૫થી ૨૦ના ટોળા સામે ગુનો નોંધાવતા પી.આઈ. વાય.એમ. મિશ્રાએ તપાસ શરૂ કરી છે.

પાટીદાર રેલી દરમ્યાન બાઈકો લઈને ગાંધીનગર ભરમાં ફરેલુ ટોળુ તે દિવસે બપોરે સેક્ટર-૨૬માં પહોંચ્યું હતું અને જીએસપીએલની ઓફીસ ખુલ્લી હોવાનું જોઈ આ ટોળુ ઉશ્કેરાઈ ગયું હતું અને ઓફીસ અને બહાર પડેલી ગાડીઓમાં તોડફોડ કરી ટોળકી ભાગી ગઈ હતી. આ બનાવમાં કંપનીનું અંદાજે દોઢ લાખનું નુકશાન થયું છે. જેને પગલે આજે એચ.આર. એડમીન રાહુલભાઈ રોહીતભાઈ પાઠકે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપતા પી.આઈ. મિશ્રાએ ઊંડી તપાસ આરંભી છે.

## અંબાજી પદયાત્રી સંઘોની બેઠક મુલત્વી રહી

ગાંધીનગર, તા. ૩૧

પવિત્ર ભાદરવી પૂનમના મેળામાં ગુજરાતભરમાંથી પદયાત્રાએ જતા સંઘોના મહામંડળ શ્રી ભાદરવા પૂનમીયા સંઘ સેવા ટ્રસ્ટની સામાન્ય સભા તા.૩૦મી ઓગસ્ટ રવિવારે યોજાવાની હતી. જોકે વર્તમાન પરિસ્થિતિમાં રાજયમાં ઉભા થયેલા અસામાન્ય સંજોગોને કારણે આ બેઠક મુલત્વી રાખવી પડી હતી.

## યુવા મહોત્સવમાં લીંબોદરા હાઈસ્કુલનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩૧

રાંધેજા વિભાગનો યુવા મહોત્સવશ્રી પી.પી. આર. શાહ હાઈસ્કુલ લીંબોદરામાં યોજાયો હતો.

જેમાં લીંબોદરા હાઈસ્કુલના મેઘલ વાઘેલા ચિત્ર સ્પર્ધા, વીરેન્દ્ર એ. વાઘેલા ઢોલક, સાધુ પ્રદીપ તબલા, સર્જનાત્મક પ્રવૃત્તિ તેમજ હેત્વી દરજી શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા કક્ષા માટે પસંદગી પામ્યા હતા. જયારે ગાયત્રી ચૌહાણ અને દિવ્યા ઠાકોર વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું હતું. શ્રી વિશાલ થોરાતે વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. આચાર્ય શ્રી તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૩-ન્યુ જય અંબે યુવક મંડળ જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરશે

**રાસ ગરબા, કૃષ્ણ જન્મ ઉત્સવ, મટકી ફોડ અને બાળકો માટે સ્ટેજ પ્રોગ્રામ યોજાશે**

ગાંધીનગર, તા.૩૧

સે-૩-ન્યુ જય અંબે યુવક મંડળ તથા શિવશકિત મંદિર ખાતે આગામી ૫ સપ્ટેમ્બરના રોજ જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન રાસ ગરબા, મટકી ફોડ તેમજ કૃષ્ણ જન્મ ઉત્સવનો કાર્યક્રમ યોજવામાં આવશે.

જય અંબે યુવક મંડળ તથા શિવશકિત પરિવારના યુવા આગેવાનો દ્વારા જન્માષ્ટમી પર્વની પારીવારિક માહોલમાં અનોખી ઉજવણી કરવામાં આવશે. જે અન્વયે ગ-૧ નજીક સ્થિત સે-૩-ન્યુમાં રાત્રીના ૮.૩૦થી ૧૨ કલાક દરમિયાન ભવ્ય રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે. જયારે ૧૨ કલાકે શ્રી કૃષ્ણ જન્મ ઉત્સવની ઉજવણી કરાશે. આ દરમિયાન ભાવિકોને હિંડોળા દર્શનનો લાભ મળશે. ત્યાર બાદ ૧૨.૩૦ કલાકે સેકટરના બાળકો દ્વારા સ્ટેજ પ્રોગ્રામ રજૂ કરવામાં આવશે. જયારે રાત્રીના ૧.૦૦ કલાકે મટકી ફોડ તેમજ આતશબાજીનો કાર્યક્રમ યોજાશે. સ્ટેજ પ્રોગ્રામમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ તેમના નામ ૩ સપ્ટેમ્બર સુધીમાં યુવક મંડળના સભ્યોને નોંધાવી દેવા જણાવાયું છે. આ માટે યુવક મંડળના સભ્યનો મોબાઈલ નંબર ૯૮૨૪૬ ૪૬૬૦૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.



ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા પ્રાથમિક શાળા ખાતે ભાઈ બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. જેમાં ધો-૧ થી ૮ના બાળકોએ બાળાઓ દ્વારા રાખડી બાંધી મિઠાઈ ખવડાવી મોં મીઠું કરાવી તહેવારની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ચોતરફ આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

# ગાંધીનગરમાં અભૂતપૂર્વ રક્ષાબંધન : કારના વેચાણમાં જબરદસ્ત ઉછાળો

**રક્ષાબંધન પર્વે પંજાબ હ્યુન્ડાઈ દ્વારા ૩૬ કારનું વિક્રમજનક વેચાણ : ભાઈઓ દ્વારા બહેનને કાર ગીફ્ટ કરવાનો નવો ટ્રેન્ડ**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ભાઈ બહેનના હેતનું પર્વ રક્ષાબંધન ભારે હર્ષોલ્લાસથી ઉજવાયું હતું. ભાઈના હાથે રાખડી બાંધી નગરની બહેનોએ તેના દિર્ઘાયુ અને સુખરૂપ જીવનની કામના કરી હતી તો બદલામાં ભાઈઓએ પણ બહેનોને 'સરપ્રાઈઝ ગીફ્ટ' આપી ખુશખુશાલ કરી દીધી હતી. ભાઈઓએ આપેલી ગીફ્ટમાં આ વર્ષે નાની મોટી ચીજવસ્તુઓથી માંડીને મોંઘી ગાડીની પણ ભેટ આપી હતી.

દર વર્ષ કરતા આ વર્ષે ગાંધીનગરમાં રક્ષાબંધને નવા ટ્રેન્ડ જોવા મળ્યા હતા. આમ તો અત્યાર સુધી રક્ષાબંધન એ ઘર પરિવારના અંગત ઉત્સવ તરીકે ઉજવાતો હતો પરંતુ આ વર્ષે ગાંધીનગરના ઘણા પરિવારોએ રક્ષાબંધનને પરિવાર સાથે બહાર હોટલમાં ટેબુલ બુક કરવી જેમ બર્થડે સેલીબ્રેટ કરતા હોય તે રીતે ઉજવ્યો હતો. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી બહેનોને રક્ષાબંધને ટીવી, ફ્રીઝ, માઈક્રોવેવ ઓવન, હોલીડે ટૂરની ટીકીટો તથા ટુ વ્હીલર આપવાનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. આ વર્ષે તો ભાઈઓએ તેનાથી આગળ વધીને બહેનોને કાર ભેટમાં આપવાનું ચાલુ કરી દીધું છે.

ગાંધીનગરની પંજાબ હ્યુન્ડાઈના જનરલ મેનેજર ધર્મેશ શાહે જણાવ્યું હતું કે દર વર્ષે તહેવારો દરમિયાન વાહનોનું વેચાણ વધે છે પરંતુ રક્ષાબંધનના તહેવારે ફકત ટુ વ્હીલર્સ કંપનીઓને ઘરાકી રહેતી હતી. આ વર્ષે અમારી અપેક્ષા કરતા પણ વધારે પ્રતિસાદ મળ્યો અને રક્ષાબંધનના પર્વ દરમિયાન કુલ ૩૬ ગાડીઓનું વિક્રમજનક બુકીંગ અમને મળ્યું છે. આ ગાડીઓમાં ૩.૫૦ લાખથી ચાલુ થતી કોમ્પેકટ સાઈઝ કારથી માંડીને ૧૫ લાખ સુધીની એસયુવી કારનું પણ વેચાણ થવા પામ્યું હતું. જોકે કોમ્પેકટ સાઈઝની કાર જેવી કે આઈ ૧૦ અને ઈઓનનું ૨૦ ગાડીઓનું બુકિંગ, સેડાન ટાઈપની આઈ ૨૦, એકસેન્ટ, વર્ના વગેરેનું ૧૨ ગાડીનું તેમજ ક્રેટા જેવી એસયુવીનું ૪ ગાડીનું વેચાણ થયું હતું. મોટા ભાગના કસ્ટમરોએ અગાઉથી બુકિંગ કરાવી રક્ષાબંધને ડિલીવરી લેવાનો આગ્રહ રાખ્યો હતો જેના કારણે તે દિવસે વહેલી સવારથી જ શૉ રૂમ પર સારી એવી ભીડ રહી હતી અને સમગ્ર વાતાવરણ ઉત્સવના માહોલ સમું બની ગયું હતું.

સામાન્ય દિવસોમાં મહિનાની સવાસો ગાડીઓની આસપાસનું વેચાણ ધરાવતા શૉ રૂમ પર માત્ર એક તહેવારના દિવસે જ ૩૬ ગાડીઓનું બુકિંગ મળે તે શો રૂમ માટે આનંદજનક બાબત ગણાય. આમ તો દર વર્ષે કેટલાક તહેવારો જેવા કે અખાત્રીજ, રથયાત્રા, પહેલુ નોરતું, નવરાત્રિની આઠમ-નોમ, દશેરા અને દિવાળી પર્વના તમામ દિવસોએ ગાડીઓના બુકિંગમાં ધસારો જોવા મળે જ છે પરંતુ આ વર્ષે પ્રથમવાર જ રક્ષાબંધનના પર્વ નિમિત્તે પણ વેચાણમાં વધારો થતા કંપની દ્વારા સ્પેશિયલ પ્રાઈઝની ઓફર પણ કરવામાં આવી હતી.



## 'ચ' માર્ગ પર છોટા હાથી ટેમ્પો ડિવાઈડર પર ચડી ગયો

ગાંધીનગર, તા.૩૧

શહેરના 'ચ' માર્ગ પર બપોરના સુમારે સુમનટાવરની સામેની બાજુએ છોટા હાથી ટેમ્પો ડિવાઈડર પર ચડી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં છોટા હાથી ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે ટેમ્પાને વધુ નુકશાન થવા પામ્યું હતું.

શહેરના ચકાચક માર્ગ પર વાહનચાલકો રોકટગતિએ વાહન હંકારી અકસ્માત સર્જે છે. શહેરમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો જોવા મળે છે. નગરમાં ઠેક ઠેકાણે ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. બેફામ ગતિએ શહેરના માર્ગો પર દોડતા વાહનચાલકો માટે ટ્રાફિક પોલીસ દ્વારા ઝુંબેશ અને ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમો યોજાય છે. પરંતુ આવા પ્રોગ્રામની કોઈ અસર વાહનચાલકો પર જોવા મળતી ન હોય તેવું લાગી રહ્યું છે. શહેરના ચ માર્ગ પર બપોરના સુમારે ચ-૫ તરફથી ચ-૩ તરફ જતો છોટા હાથી ટેમ્પાની આગળ અચાનક બાઈકચાલક આવી જતા ટેમ્પાના ચાલકે તેને બચાવવા જતાં ટેમ્પા પરનો કાબુ ગમાવી દેતા ટેમ્પો ડીવાઈડર પર ચડી ગયો હતો. અને અકસ્માતમાં ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી જયારે ટેમ્પાને વધુ નુકશાન થવા પામ્યું હતું. અકસ્માત જોવા લોકોના ટોળેટોળા ઉમટયા હતા.

## ચિરવિદાય

● સ્વ. નીલમબહેન દિલિપજી મકવાણા, ઉ.વ. ૩૫